હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૬૮૨, વર્ષ : ૩૦
અંક : ૩ ફેબ્રુઆરી-૦૧, ૨૦૧૭

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

**ધનુષધારીએ મૂકેલું બાણ કોઈને મારે કે ન પણ મારે, પરંતુ બુદ્ધિમાને યોજેલી બુદ્ધિ તો રાજા સાથે રાષ્ટ્રનો પણ નાશ કરી નાખે. એક (બુદ્ધિથી), બે (કાર્ય તથા અકાર્ય)નો નિશ્ચય કરો; ત્રણ (મિત્ર, ઉદાસીન તથા શત્રુ) ને ચાર (સામ, દામ, ભેદ તથા દંડ)થી વશ કરો; પાંચ (જ્ઞાનેન્દ્રિયો) ઉપર વિજય મેળવો; છ (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધી ભાવ તથા આશ્રય)ને સમજી લો અને સાત (સ્ત્રી સંગ, દ્યૂત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, ક્રૂર દંડ તથા દ્રવ્યનો અપવ્યય)નો ત્યાગ કરો. આમ કરીને તમે સુખી થાઓ.**

**- વિદુર નીતિ, અધ્યાય ૧ લો,**
**શ્લોક-૪૮, ૪૯**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

આજકાલ શાસન (Governance) અને સુશાસન (Good Governance) ની ચર્ચા વિકાસના મોડલ સાથે થાય છે. ખરાબ શાસનને સમાજના તમામ દુષણો માટેની જન્મદાત્રી માનવામાં આવે છે. સામાન્ય સમજ મુજબ, શાસન એટલે કે નિર્ણય લેવાની અને નિર્ણયને અમલમાં મૂકવાની પ્રક્રિયા. શાસન કરનાર એટલે કે, જાહેર વહીવટ કરનાર તંત્ર, જો યોગ્ય નિર્ણય લેવાની અને તેના અમલની યોગ્ય ભૂમિકા ભજવે તો સુશાસન સહજ બની રહે. શાસનના વિવિધ પાસાં પૈકી એક અગત્યનું અંગ તે નિર્ણય લેનાર તંત્ર છે. નાગરિક પોતાની ચારે બાજુ જે જુએ છે તે વહીવટી જગત ઊભું કરનાર, આ માટે વિવિધ પ્રવૃત્તિઓને પ્રેરનાર, દોરનાર તથા શિસ્તમાં રાખનાર પણ આજ તંત્ર છે.

યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ મા. શ્રી કુલનચંદ્ર યાજ્ઞિક આ સંદર્ભે તેમના પુસ્તક, ''વહીવટની વાતો''માં જણાવે છે, ''સમાજ વ્યવસ્થા જાળવતાં હિતકારક અને હિતરક્ષક અને ક્યારેક અનિષ્ટ માટે આ તંત્ર જ જવાબદાર છે. આવા મહત્ત્વના અંગની નીતિઓ, તેનો અમલ, તેની ગતિવિધિઓ, નિર્ણય શક્તિ, ક્ષમતા, કાર્યશૈલી અને ગુણવત્તા વિષે ઘણા ઓછા નાગરિકો રસ લે છે. પ્રસાર માધ્યમો અને વિદ્યાપીઠો ધારે તો આ ક્ષેત્રમાં ઘણું કરી શકે. શિક્ષણ અને જાહેર વહીવટ એ બે ક્ષેત્રના કર્મશીલો વચ્ચે મોટે ભાગે એક ખાઈ પડેલી જોવા મળે છે. તેના ઉપર સેતુઓ બાંધવા જોઈએ. પરસ્પર અવિશ્વાસ, અહમ્ અને માનસિક ગ્રંથિઓ જોવા મળે છે, તેને બદલે બીજાના કર્તવ્યો, જવાબદારીઓ, મર્યાદાઓ અને કાર્યશૈલીનો ખ્યાલ રખાય તો સમાજનો સીનો બદલાઈ જાય.''

સુશાશનનો પર્યાય વર્તમાન અને ભવિષ્યના સમાજની જરૂરિયાતોને ઓળખી તેને પોષવાનો છે. સુશાસનના મૂળભુત લક્ષણો જોઈએ તો-

- મુક્ત વિચાર અભિવ્યક્ત કરી શકે તેવી નિર્ભિક સંસ્થાઓ અને સિવિલ સોસાયટી વચ્ચે સહભાગીદારીતા (Participation).
- માનવ અધિકારોની સુરક્ષા, સ્વતંત્ર ન્યાયપ્રણાલિ અને સક્ષમ કાયદાપાલન કરનાર તંત્ર (Rule of Law).
- તંત્રના નિર્ણયોથી પ્રભાવી થનાર સૌ પક્ષકારોને સંપૂર્ણ માહિતી મળી રહે તેવું પ્રાવધાન (Transparency).
- નિર્ણયો અને તેના અમલથી થતી અસરો વિશે સંપૂર્ણ સંવેદનશીલતા (Responsiveness)
- વિવિધ પક્ષકારોના પરસ્પર વિરોધી હિતોમાં સમન્વય સાધવાની ભૂમિકા (Consensus Oriented)
- વાજબીપણું/ન્યાયપૂર્ણતા અને સર્વસમાવેશક નિર્ણયો (Equity and Inclusiveness)
- સાધનોના ઈષ્ટ ઉપયોગ થકી, સંસ્થાના લક્ષ્ય તરફની ક્રમિક ગતિ. (Efficiency and Effectivenes) અને છેલ્લે
- જવાબદારીતા (Accountability). પારદર્શિતા સાથે કાયદાકીય મર્યાદાઓનું સતત સ્મરણ અને જવાબદારીતા.

સુશાસન માટે સંચાલનના સિદ્ધાંતો પશ્ચિમી જગતના મેનેજમેન્ટ ક્ષેત્રના વિદ્વાનો દ્વારા વિકસાવાયા છે તેવો ખ્યાલ સ્વીકારાયેલો છે.

વાસ્તવમાં આપણા પ્રાચીન ગ્રંથોમાં આ વિષયો પર ખૂબ જ ગંભીર ચિંતન થયેલું છે. તે સમયની રાજ્ય વ્યવસ્થા પ્રમાણે રાજાને ઉપદેશ સ્વરૂપ રચાયેલું આ સાહિત્ય છે. આપણા પ્રાચીન ગ્રંથો રામાયણ, મહાભારત, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ભર્તૂહરીના શતકો, વિગેરેમાં સુશાસનના ખ્યાલો અંગે વિશદ માર્ગદર્શન અપાયેલું છે. આજના લોકશાહીના વાહકો-સરકારી તંત્રોના વડાઓ, મહાવિદ્યાલય-વિશ્વ વિદ્યાલયના આચાર્યો, સંચાલકોને પણ રાજધર્મના મૂળભુત સિદ્ધાંતો લાગુ પાડી શકાય.

મહાભારત સંસ્કૃત વાઙ્મયનો એક અમૂલ્ય ગ્રંથ છે. શાસ્ત્રમાં મહાભારત પાંચમા વેદ તરીકે ઓળખાવાયો છે. આને ભારતીય જ્ઞાનનો વિશ્વ-કોશ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. એક લાખ શ્લોક ધરાવતો આ ગ્રંથ 'શતસાહસ્ત્રી સંહિતા'ના નામે પણ પ્રચલિત છે. મહાભારતના ત્રણ વિશિષ્ટ પ્રસંગો સુશાસનની વિભાવના ખૂબ જ સુંદર રીતે વર્ણવે છે.

પ્રથમ પ્રસંગ 'ઉદ્યોગ પર્વ'માં વર્ણવેલ વિદુરનીતિનો છે. પાંડવોએ તેર વર્ષ સુધી વનવાસ ભોગવ્યા બાદ, પોતાનો ભાગ મેળવવાની પ્રતિજ્ઞા જાહેર કરી. રાજા ધૃતરાષ્ટ્રને ઘણી ચિંતા થઇ. આખી રાત નિદ્રા આવી નહીં. સવારે વિદુરજીને બોલાવી તેમનો ઉપદેશ મેળવ્યો. આઠ અધ્યાયમાં વિદુરજી રાજા દ્વારા આચરણમાં મૂકવા જેવા તથા ત્યજવા જેવા અનેક વિષયોની સમજણ આપે છે. જેમકે : રાજન્! (હાલનો તંત્રવાહક અધિકારી) આપ જ્યાં જશો ત્યાં મિત્ર-શત્રુ, ઉદાસીન, આશ્રય આપનાર તથા આશ્રય મેળવનાર, આ પાંચ પ્રકારના લોકો આપની આગળ-પાછળ લાગ્યા રહેશે; પાંચ જ્ઞાનેન્દ્રિયોવાળા પુરુષની એક પણ ઇન્દ્રિયમાં છીદ્ર (દોષ) હશે તો જેમ કોસના કાણામાંથી પાણી નીકળી જાય તેમ તેની બુદ્ધિ પણ બહાર નીકળી જશે; ઐશ્વર્ય અથવા ઉન્નતિ ઇચ્છતા માણસે ઊંઘ, તન્દ્રા, ડર, ક્રોધ, આળસ તથા દીર્ઘસૂત્રતા (જલ્દી થાય તેવા કામમાં ઢીલાશ કરવાની આદત) આ છ દુર્ગુણો ત્યાજવા જેવા છે; હવે તો રાજય (પદ) પ્રાપ્ત થઈ જ ગયું તેવું માની અનુચિત વર્તન ન કરવું; બોલવા કરતાં ન બોલવું સારું મનાય છે, પરંતુ સત્ય બદલવુ વાણીની બીજી વિશેષતા છે, સત્ય પણ પ્રિય વચનોથી બોલવું એ ત્રીજી વિશેષતા છે અને ધર્મ સંમત સત્ય  પ્રિય વચનોથી બોલવું એ વચનની ચોથી વિશેષતા છે; વિગેરે. વહીવટમાં બેઠેલા સૌ કોઇએ આજના સંદર્ભમાં જો વિદુરનીતિ આચરણમાં મૂકવા પ્રયત્ન કરે તો સુશાસન સહજ બની રહે.

વિદુરનીતિના છેલ્લા, આઠમા અધ્યાયમાં છેલ્લા બે શ્લોકોમાં ધૃતરાષ્ટ્ર વિદુરજીને જણાવે છે કે, વિદુર આપે જે ઉપદેશ મને આપ્યો તે મુજબ વર્તવાનો મારો વિચાર છે. પાંડવો પ્રત્યે સારો ભાવ રાખવાની મારી બુદ્ધિ છે, પરંતુ જ્યારે દુર્યોધનને હું મળુ છુ ત્યારે મારી બુદ્ધિ બહેર મારી જાય છે. શાસકો માટે લાલબત્તી સમાન બાબત છે.

બીજો પ્રસંગ, ભીષ્મ પર્વમાં આવતો શ્રીકૃષ્ણ-અર્જુનના સંવાદરૂપે નિરૂપાયેલ પ્રસંગ છે. યુદ્ધ ભૂમિ પર શૂરવીર અર્જુનને અસમયે વિષાદ થાય છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને શોક મુક્ત થવા ઉપદેશ આપે છે. આ ઉપદેશના ભાગરૂપ સમગ્ર આધ્યાત્મ જગતનું સાર નીપજે છે જેને આપણે શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે ઓળખીએ છીએ. શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢાર અધ્યાયોમાં અનેક વિષયો પર ભગવાન શ્રીકૃષ્ણ રહસ્ય ઉકેલે છે.

મહાભારતનો ત્રીજો પ્રસંગ એટલે ભીષ્મ પિતામહ શય્યાપથારી પર સૂતા-સૂતા યુધિષ્ઠિરને રાજધર્મ શીખવાડી રહ્યા છે તે છે. શાન્તિ પર્વનો આ પ્રસંગ શાન્તિ વ્યક્તિગત પ્રાપ્ત થાય તેના કરતાં પૂરી પ્રજા અને સમગ્ર રાષ્ટ્રમાં શાન્તિ પ્રસરે તે પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભીષ્મ પિતામહ, શાન્તિ પરાક્રમથી આવે છે અને સ્થાપિત થાય છે તે પર વિશેષ ભાર મૂકે છે. રાજાને સાત વસ્તુઓનું રક્ષણ કરવાની વાત કહે છે : સ્વયં પોતાનું, મંત્રીઓનું, ખજાનાનું, સેનાનું, મિત્ર રાષ્ટ્રોનું, રાજધાનીનું અને સમગ્ર રાષ્ટ્રનું.

ભીષ્મજી જુદા જુદા છત્રીસ આચારો દ્વારા શ્રેષ્ઠ શાસક બનવાનો માર્ગ દર્શાવે છે. આજના સર્વોચ્ચ પદે બિરાજતા વહીવટકર્તાઓને આ બાબત દિશાદર્શક બને તેવી છે.

જેમાંની કેટલીક બાબતો -

* ધર્મનું આચરણ કરે, પરંતુ કટુતા અપ્રિયતા ન આવવા દે,
* આસ્તિક રહીને બીજા સાથે પ્રેમનો વર્તાવ ન છોડે,
* દીનતા લાવ્યા વિના પ્રિય વાણી બોલે,
* શૂરવીર બને, પરંતુ મોટાઇની વાતો ન કરે,
* સ્પષ્ટ વ્યવહાર કરે, પરંતુ કઠોરતા ન આવવા દે,
* દુષ્ટો સાથે મેળ ન રાખે,
* જે રાજભક્ત ન હોય, એવા દૂત પાસે કામ ન લે,
* કોઇને કષ્ટ પહોંચાડ્યા વિના જ પોતાનું કાર્ય કરે,
* પોતાના ગુણોનું વર્ણન ન કરે,
* સારી રીતે તપાસ કર્યા વિના દંડ ન આપે,
* ગુપ્ત મંત્રણાને પ્રકટ ન કરે, કોઇની ઈર્ષ્યા, નફરત ન કરે,
* નિરભિમાની રહીને આદરણીય વ્યક્તિઓનો આદર કરે,
* કાર્યકુશળ બને, પરંતુ અવસરનો વિચાર રાખે,
* શત્રુઓને મારીને શોક ન કરે,
* કારણ વિના ઓચિંતો ક્રોધ ન કરે,
* જેમણે અપકાર કર્યો હોય, તેમના પ્રતિ કોમળતાનો વર્તાવ ન કરે, વિગેરે...

અંતે, યુધિષ્ઠિરે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં શ્રેષ્ઠ કઇ બાબતનો પ્રશ્ન પૂછતાં ભીષ્મ સમજાવે છે કે આ ચારેયમાં ધર્મ જ સર્વોચ્ચ છે. ભીષ્મ એ પણ સમજાવે છે કે ધર્મ એટલે સંપ્રદાય નહીં. ધર્મ એટલે જે થકી જીવનના પ્રશ્નો ઉકેલાય તે ધર્મ. અર્થ, કામ અને મોક્ષ ધર્મ માર્ગે/ધર્મ થકી પ્રાપ્ત થાય તો શાશ્વત શાંતિ અનુભવાય. આવો આપણે સૌ વિદ્યા વ્યવસાય ધર્મ આચરણ કરી પરમ શાન્તિના હકદાર બનીએ.

**તા. ૦૧-૦૨ -૨૦૧૭**
**પાટણ.**

**પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## ગૌરવ




મનીપાલ યુનિવર્સિટી, જયપુર મુકામે તા. ૨૫ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાયેલ ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી ટેનીસ (વુમન) સ્પર્ધામાં યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખતે વેસ્ટ ઝોનમાં પ્રથમ નંબરે યુનિવર્સિટીના બી.કોમ. વિભાગની વિદ્યાર્થિની મહેતા ઈતી અને આર્ટસ કૉલેજ, પાટણની વિદ્યાર્થિની લીંબાચીયા હિરવા વિજેતા બનેલ

## પ્રજાસત્તાક દિનની ઉજવણી



૨૬ જાન્યુઆરી-૨૦૧૭ના શુભ દિને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સરદાર પટેલ વહીવટી ભવનની સામે માનનીય કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિ સાહેબશ્રીના વરદ્ હસ્તે પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો. મા. કુલપતિશ્રીએ તેમના સંબોધનમાં દેશને આઝાદી અપાવનાર લડવૈયા, બલિદાન આપનાર અને શહીદ થનાર જવાનોને આપણી શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ લોકો કેવી રીતે શ્રધ્ધાંજલિ આપી શકીએ તે વાતને રજૂ કરી હતી. તેમણે દેશના વિકાસમાં યુવા વિદ્યાર્થી વર્ગ કેવી રીતે જોડાઈ શકે તેના પ્રેરક ઉદાહરણો આપ્યા હતા. યુનિવર્સિટીના વિકાસમાં સૌ સાથે મળીને યુનિર્સિટીને વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવવાનું ચિંતન કરવા પર ભાર મૂક્યો હતો. ધ્વજ વંદન કાર્યક્રમમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મુલાકાત




કોરિયા યુનિવર્સિટીની એક ટીમ વાવોના અભ્યાસ માટે ભારત આવેલ છે. જે ખાસ કરી ગુજરાત, રાજસ્થાન સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં વાવો વિશે અભ્યાસ કરવાની છે. આ ટીમ વાવોની રચના, સ્થાપત્ય, સમય અને એ સાથે જોડાયેલ લોકકથા વિશે પણ અભ્યાસ કરશે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે તેઓએ મુલાકાત લીધી હતી અને પાટણ તથા મહેસાણા જિલ્લાની વાવો ઉપર કામ કરતા પ્રો. દિલીપ પટેલ સાથે ચર્ચા કરી હતી. જેમાં અંગ્રેજીના અધ્યાપક તપસ તથા ગુજરાત યુનિવર્સિટી ભાષા ભવનના પૂર્વ ડાયરેક્ટર પ્રો. ભટ્ટ અને સંસ્કૃત વિભાગના વિદ્યાર્થી પણ જોડાયા હતા. ખાસ વાત તો એ હતી કે આ બધા કોરિયા દેશના હોવા છતાં હિન્દીમાં વાત કરી શકતા હતા. કોરિયાની બે યુનિવર્સિટીમાં હિન્દી ભણાવાય છે. આ ટીમ પણ હિન્દી વિભાગના જ વિદ્યાર્થી અને અધ્યાપકની હતી. ત્યારબાદ તેઓએ રાણકી વાવની મુલાકાત પણ લીધી હતી.

## વર્કશોપ



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત અને ભારતીય વિદ્યા વિભાગ દ્વારા આયોજિત અનુભૂતિ-૧, સંસ્કૃત ભાષાના સ્પંદનનો અહેસાસ ત્રિદિવસીય વર્કશોપનું આયોજન તા. ૨૩ થી ૨૫ જાન્યુઆરી-૨૦૧૭ દરમિયાન યુનિવર્સિટીમાં યોજાયું. જેમાં જુદાજુદા છંદ-ગાન દ્વારા સંસ્કૃત ભાષાની માધુર્યતાથી વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને અવગત કરાયા. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. રાઠવા, પ્રો. ડી.સી. પટેલ, પ્રો. વસંતભાઈ ભટ્ટ અને અન્ય વિષય નિષ્ણાતો દ્વારા ઉચ્ચારણ શુદ્ધિ અને કમ્પ્યૂટરના માધ્યમથી સંસ્કૃત ભાષામાં ટૂંકી વાર્તાઓને એનીમેશનના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પાટણ જૈન જ્ઞાન મંદિરની મુલાકાત અને યુનિવર્સિટી કેમ્પસના વિવિધ ડિપાર્ટમેન્ટોનો પરિચય પણ કરાવ્યો હતો.



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કાયદા અનુસ્નાતક ભવન તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુક્ત ઉપક્રમે 'બાળ સુરક્ષા જવાબદારી આપણા સૌની' થીમ પર એક દિવસીય વર્કશોપ યોજાયો. જેમાં ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. અધ્યક્ષ સ્થાનેથી શ્રી એન.એસ. ચૌહાણ, (બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી) દ્વારા સમાજ સુરક્ષાની યોજનાઓ, શ્રી વિશાલભાઇ ગઢવી (સેક્રેટરી, જિ.કા.સે. સત્તા મંડળ) દ્વારા મફત કાનુની સલાહ માહિતી/માર્ગદર્શન, શ્રી કેતન પ્રજાપતિ (જિલ્લા બાળ સુરક્ષા અધિકારી) દ્વારા સંકલિત બાળ સુરક્ષા યોજનાઓ વિષે, શ્રી પિયુષભાઇ દવે (સુરક્ષા અધિકારી-સંસ્થાકીય સંભાળ) દ્વારા બાળ ન્યાય અધિનિયમ-૨૦૧૫ તથા શ્રી કલ્પેશભાઇ વાણીયા દ્વારા બાળકોના જાતીય ગુનાઓ સામે રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ અંગે માહિતી આપી.

## વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭



વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્ટોલની એક ઝલક








આ પ્રસંગે યુનિવસિર્સટીમાં વિદ્યાર્થીઓની વાઇબ્રન્ટ મુલાકાત ગોઠવાઈ હતી. જેને પૂર્વ કારોબારી સભ્ય શ્રી ડી. જે. પટેલ તથા કા. કુલસચિવ ડૉ. ડી. એમ. પટેલે લીલી ઝંડી આપી હતી. યુનિવર્સિટી દ્વારા સૂચના અપાતા યુનિવર્સિટીના વિવિધ વિભાગો તથા સંલગ્ન કૉલેજોના અંદાજે ૭૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરી દરમિયાન મુલાકાત લીધી હતી. આ મુલાકાત વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી રહી હોવાના પ્રતિભાવો પ્રાપ્ત થયા હતા.

## સન્માન



યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની વાર્ષિક સાધારણ સભા તા. ૨૦-૧-૨૦૧૭ના રોજ સ્વર્ણિમ ગુજરાત સંકુલ-૧માં માનનીય શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિનું માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી

※ અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજના સંસ્કૃત વિભાગના ઉપક્રમે તા. ૧૦-૧૨-૨૦૧૬ના રોજ ગીતા જયંતિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વક્તા તરીકે ડૉ. મધુસૂદન વ્યાસ (અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, શામળાજી કોલેજ) ઉપસ્થિત રહીને વર્તમાન સમયમાં ગીતા જયંતિની પ્રાસંગિકતા અને તેના મહત્ત્વની છણાવટભરી માહિતી આપી હતી. સંસ્થાના આચાર્યશ્રી એન.ડી. પટેલે મહેમાનનો સ્વાગત પરિચય આપ્યો હતો. વિભાગના અધ્યક્ષ ડૉ. કે.ડી. પટેલે ભૂમિકા આપી હતી. પ્રા. હિનાબેન ભોજકે આભાર દર્શન કર્યું હતું. ડૉ. દિલીપ સોંદરવાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

※ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે સ્પોર્ટ્સ-ડે ના અનુસંધાને બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ-કોલેજમાં તા. ૧૪-૧૨-૨૦૧૬નાં રોજ સ્પોર્ટ્સ-ડેની ઉજવણી કરાઇ હતી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો તેમજ રંગોળી સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

※ સંયુક્ત રાષ્ટ્રસભા દ્વારા ૧૦મી ડિસેમ્બર માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા કરવામાં આવી હતી. તેથી આ દિવસને દર વર્ષે માનવ અધિકાર દિન તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત બી.કે. મર્કેન્ટાઇલ બેંક લો કોલેજ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૬નાં રોજ માનવ અધિકારોના કાયદાઓનો યોગ્ય અમલ થાય છે કે કેમ ? તે વિષય પર એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જી.ડી. મોદી વિદ્યાસંકુલની આર્ટ્સ, બી.સી.એ., ફાઇન આર્ટ્સ તથા લૉ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન લૉ કોલેજના પ્રા. આરતીબેન દવેએ કર્યું હતું. કાર્યક્રમની રૂપરેખા અને માનવ અધિકારો વિશેની માહિતી લૉ કોલેજના સીનીયર પ્રો. અશ્વિન કારીઆએ પુરી પાડી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિષયની તરફેણ અને વિરુદ્ધની દલીલો રજૂ કરી હતી. જેમાં લૉ કોલેજના વિદ્યાર્થી જગદીશ દેસાઇ તથા નીતા પટેલે પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. લૉ કોલેજના કા.આચાર્ય શ્રીમતી રવિદાન આર. કરનાની દ્વારા તમામ સ્પર્ધકો અને વિદ્યાર્થીઓને અભિનંદન અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## એન.એસ.એસ.

※ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરના એન.એસ.એસ. યુનિટની શિબિર વિજાપુર તાલુકાના પિરોજપુરા મુકામે તા. ૫-૧૨-૨૦૧૬ થી તા. ૧૧-૧૨-૨૦૧૬ દરમ્યાન યોજાઈ. સપ્તાહની આ શિબિર દરમ્યાન કેશલેશ બેંકીંગ, પર્યાવરણ જાગૃતિ, ગ્રામ સફાઈ, પશુપાલન, ગ્રાહક સુરક્ષા, સ્ત્રીભ્રુણ હત્યા, વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ, સાંસ્કૃતિક એકતા, સાક્ષરતા તથા બેટી બચાવો જેવા જન જાગૃતિને લગતા કર્યાક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન સમારંભમાં ટ્રસ્ટીશ્રી જે.પી. પટેલ તથા પ્રિન્સિપાલ શ્રી સુરેશભાઇ પટેલે ગ્રામજનોનો આભાર માન્યો હતો તથા વિદ્યાર્થિનીઓના પ્રયત્નોને બિરદાવ્યા હતા. સ્વયંસેવિકાઓએ ગ્રામજનોને આપેલ સંદેશ કાયમ યાદ રાખવા વિનંતી કરીને વિદાય લીધી હતી. સમગ્ર શિબિરનું સંચાલન પ્રિ. ડૉ. સુરેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રો. ઓફિસર જે.કે. વ્હોરાએ, પ્રા. ડૉ. વિનોદભાઇ પટેલના સહકારથી કર્યું હતું.

※ વિજયનગર આર્ટ્સ કોલેજ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ડિઝીટલ બેંકીંગ સેવા લોકો સુધી વિસ્તરે, તેની ઉત્તમ માહિતી મળે અને દેશના વિકાસમાં સહભાગી થાય તે માટે એન.એસ.એસ. યોજના અંતર્ગત એક દિવસીય સાક્ષરતા અભિયાનનું આયોજન કોલેજ ખાતે તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ કરવામાં આવેલ. જેમાં એસ.બી.આઇ., વિજયનગર, મેનેજરશ્રી કટારા તથા શ્રી વિનોદભાઇ ઓઝાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડેલ. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર ડૉ. અર્પિતા જી. પટેલ દ્વારા કરવામાં આવેલ. એન.એસ.એસ.ના સ્વયં સેવકો સુથાર હાર્દિક અને ડામોર તુષારે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. બેંકમાં વિદ્યાર્થીઓ હાજર રહી ગ્રામ્ય લોકોને સતત સેવાઓ આપી રહેલ છે, જે પ્રસંશનીય છે.

※ ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે ડીઝીટલ બેન્કીંગ અવેરનેસ વિશેનો કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં એસ.બી.આઇ., ખેડબ્રહ્માના શાખા પ્રબંધક શ્રી હરીશ કોઠારી અને શ્રી રાજીવ ગુપ્તા ખાસ ઉપસ્થિત રહીને કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફને ડીઝીટલ બેન્કીંગ કેવી રીતે કરવું એ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ તરફથી કરાયેલા પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનું સ્વાગત પ્રિ. ડૉ.

એ.બી. બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કે.એન. બ્લોચ અને આભારવિધિ પ્રા. ડૉ. હેમંત સુથારે કરી હતી.

❊ આર્ટ્સ કોલેજ, શામળાજીના રાષ્ટ્રીય સેવા યોજના અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં ડીઝીટલ બેન્કીંગ અવેરનેસ આવે તેવા હેતુથી એક કાર્યક્રમ પ્રિ. ડૉ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઇ ગયો. જેમાં સ્ટેટ બેંક, ભિલોડા શાખાથી ગોપાલભાઇ તેમજ રજનીભાઇએ ડીઝીટલ બેન્કીંગની માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભરત પટેલે અને આભારવિધિ ડૉ. વર્ષાબેન પટેલે કરી હતી.

## કાર્યક્રમ

❊ તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે કે. ગિરધરલાલ ઓપન એર થીયેટરમાં 'ગઝલસંધ્યા' નામનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજના સંગીત વિભાગના વિદ્યાર્થીઓ અને ઉ.ગુ.ના જાણીતા કલાકાર આરીફ મીર દ્વારા હિન્દી-ગુજરાતી ગઝલોની રમઝટ બોલાવવામાં આવી હતી. પ્રિ. ડૉ. રમેશ પટેલની પ્રેરણાથી તા. ૨૪-૧૨-૨૦૧૬ની રાત્રે મિનીસ્ટ્રી ઓફ કલ્ચર દ્વારા અનુદાનિત નાટક ''બંધ બારણે''ની રજુઆત વડોદરાની સંસ્થા ત્રિવેણી દ્વારા જી.ડી. મોદી વિદ્યાસંકુલના રંગમંચ ઉપર કરવામાં આવી હતી. આ બંને કાર્યક્રમમાં મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ, નગરજનો, અધ્યાપકશ્રીઓ, મહેમાનો, વાલીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. 'ગઝલ સંધ્યા' કાર્યક્રમનું સંચાલન પ્રા. દિગીશ વ્યાસ, પ્રા. સમ્યક પારેખ અને પ્રા. સુમિત ભાટીયાએ તેમજ 'બંધ બારણે' નાટકનું આયોજન ડૉ. આશુતોષ મ્હસ્કરે કર્યું હતું.

❊ શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુર દ્વારા વિવિધ દાતાઓના સૌજન્યથી રાધનપુર, સમી, સાંતલપુર તાલુકાની વિવિધ પ્રા. શાળાઓમાં ખાસ કરીને આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેનો લાભ મળે તે હેતુથી કોલેજ દ્વારા દર વર્ષે સ્વેટર વિતરણ કાર્યક્રમ કરવામાં આવે છે. ચાલુ વર્ષે સમી તાલુકાના હરીનગર પ્રા. શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો.

❊ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામમાં તા. ૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ 'કેશલેશ ટ્રાન્જેકશન' કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લા સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર અને દેના ગ્રામીણ સ્વરોજગાર, પ્રશિક્ષણ, સંસ્થાન, પાલનપુર દ્વારા ચલાવવામાં આવતા 'ઉદ્યમશિલતા જાગરૂકતા'અભિયાન અંતર્ગત યોજાયો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કેશલેશ વ્યવહારની જાણકારી આપી. કાર્યક્રમમાં સ્ટેજ સ્થાને આર્ટ્સ કોલેજના પ્રિ. ડૉ. એલ.વી. ગોળ, કોમર્સ કોલેજના પ્રિ. એમ.કે. મકવાણા, બનાસકાંઠા યુવા વિકાસ કેન્દ્રના ચેરમેનશ્રી ગૌરંગભાઇ પ્રાધ્યા, વડગામ યુવાવિકાસ કેન્દ્રના પ્રમુખ ચૌધરી સાગરભાઇ અને અન્ય હોદ્દેદારશ્રીઓ તથા કોલેજનો સમગ્ર સ્ટાફ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજના એન.એસ.એસ.ના પ્રો. ઓફિસર પ્રા. અશોકભાઇ તથા ભારમલભાઇ કણબી દ્વારા કરવામાં આવ્યું હતું.

## મૂલ્યાંકન

બેંગ્લોર સ્થિત નેક સંસ્થાની પિયર ટીમે તા. ૮ અને ૯મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ કડીની એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજની મુલાકાત લીધી હતી. જેમાં ચેરપર્સન તરીકે ડૉ. સુધામાહિ રઘુનાથન, મેમ્બર કો-ઓર્ડિનેટર તરીકે પ્રો. પી.ગીથા તથા મેમ્બર તરીકે પ્રો. રવિકુમાર હતા. ટીમ દ્વારા બે દિવસ સુધી કોલેજનું વિવિધ માપદંડો અનુસાર સમગ્રલક્ષી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. નેક બેંગ્લોરની ટીમ દ્વારા મહિલા કોલેજને દ્વિતીય મૂલ્યાંકન (સેકન્ડ સાયકલ)માં ૨.૪૮ સી.જી.પી.એ. સાથે હાયર 'બી-ગ્રેડ' એનાયત થયો હતો.

## ગૌરવ

તા. ૦૧-૦૧-૨૦૧૭ના રોજ સ્વામી વિવેકાનંદ સર્વોદય બી.એડ્. કોલેજના નેશનલ સેમિનારમાં હોમી ભાભા નેશનલ રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત સ્ટેટ લેવલ એક્શન રિસર્ચ કોમ્પીટીશન યોજાઇ હતી. જેમાં એમ.એડ્. વિદ્યાર્થી વિભાગમાંથી પ્રથમ ક્રમે પ્રેમિલાબેન એસ. પગી અને પ્રાધ્યાપક વિભાગમાંથી ત્રીજા ક્રમે ઇન્ચાર્જ એચ.ઓ.ડી. અને આસી. પ્રોફેસર ભરતભાઇ માળીને મેડલ તથા પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## તાલીમ

શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં ૨૩-૧૨-૨૦૧૬ના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ડીઝીટલ બેંકીંગ, કેશલેશ પેમેન્ટ અને વિત્તિય સાક્ષરતા અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત એસ.બી.આઇ. મુખ્ય શાખાના ચીફ મેનેજર શ્રી કે.એમ. પંચાલ, ટ્રેનિંગ ઓફિસર શ્રી સી.એમ. દરજી, કસ્ટમર આસિસ્ટન્ટ એન્ડ માર્કેટિંગ ઓફિસર શ્રી ઓમારામ દરજી, તથા આર.આર.બી.ના ડેપ્યુટી મેનેજરશ્રી એન.એમ. પટેલ દ્વારા કોલેજના એન.એસ.એસ., એન.સી.સી. અને અન્ય વિદ્યાર્થી ભાઇ-બહેનોને બી.યુ.ડી.ડી.વાય., ડીઝીટલ પેદાશો કેશલેશ પેમેન્ટ વગેરે અંગે તાલીમ આપેલ. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એચ.એસ. વિરમગામી તથા પ્રો. જે.આઇ. પ્રજાપતિએ કરેલ.

## વર્કશોપ

❊ લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં ૨૨-૧૨-૨૦૧૬ના રોજ એસ.બી.આઇ., વિસનગર દ્વારા ડીઝીટલ બેન્કીંગ અને કેશલેશ પેમેન્ટ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.બી.આઇ.ના નવીનભાઇ અને પ્રતીકભાઇએ પ્રેક્ટિકલ સ્વરૂપે સુંદર સમજ આપી હતી. તાલીમાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક સમજ મેળવી તેનો પ્રચાર પ્રસાર કરવાનો સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમના અંતે કોલેજના ઇ/પ્રિ.ડૉ.

એ.જે. દેસાઇ, અધ્યાપકશ્રીઓ અને કોલેજ પરિવારે એસ.બી.આઇ., વિસનગરનો તેમજ અધિકારીશ્રીઓનો આભાર માન્યો હતો.

❊ ''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરનો યુવાવર્ગ કેશલેશ ટ્રાન્ઝેકશન તરફ પ્રવૃત્ત થાય તે હેતુસર એક વર્કશોપનું આયોજન સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલ. બેન્ક મેનેજરશ્રી મહેન્દ્રભાઇ મકવાણા તેમજ બેન્ક કર્મચારીઓએ વિદ્યાર્થીઓને ઇ-બેન્કીંગ, એસ.બી.આઇ. બડી એપ્લીકેશનની માહિતી આપી.

❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ સંચાલિત મહિલા સેલ અને અખિલ ગુજરાત મહિલા વિકાસ 'શક્તિમંચ'ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થિનીઓને જીવનમાં ઉપયોગી થાય અને સ્વરોજગારી મળે તે હેતુથી તા. ૨-૧-૧૭ થી તા. ૭-૧-૧૭ સુધી બ્યુટીકેર, ચોકલેટ મેકીંગ, રેપીંગ અને પંજાબી વાનગી બનાવતા શીખવા માટે એક વર્કશોપનું આયોજન કરાયું. જેમાં બ્રાઇડલ મેકઅપ, વિવિધ હેર કટીંગ, હેર સ્ટાઇલ, ફેસીયલ બ્લીચ, વિવિધ સાડી સ્ટાઇલ, બ્યુટી ટીપ્સ વગેરે બ્યુટીશીયર બહેનો દ્વારા ખૂબ જ સરળ અને સુંદર રીતે શીખવવામાં આવ્યું. તેમજ ચોકલેટ ઘરે બનાવવાની સરળ રીત અને તેને સુંદર આકર્ષક બનાવવા તેનું રેપીંગ કરવાની કલા તથા ચોકલેટ બુકે બનાવતા શીખવવામાં આવ્યું. વર્કશોપમાં ૭૦ વિદ્યાર્થિનીઓએ ટ્રેનીંગ મેળવી.

## સેમિનાર

શ્રી એ.એમ. પટેલ (અવની સીડ્સ) મહિલા એજ્યુકેશન કોલેજ, ઊંઝામાં તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ પ્રોજેક્ટ ડીઝીટલ ઇન્ડિયાના અવેરનેસ માટે માય રિચાર્જ કંપની તરફથી કેશલેશ સિસ્ટમ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કંપનીમાંથી આવેલ શ્રી નિરંજન તલાટી તથા શ્રી બાબુભાઇ પટેલે તાલીમાર્થી બહેનો તથા સ્ટાફમિત્રોને ઓનલાઇન ટ્રાન્જેકશન વિશે માહિતી આપી હતી.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા

ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંસ્કૃત વિભાગ અને સંસ્કૃત ભારતી-ગુજરાતના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭-૧૨-૨૦૧૬ના રોજ સવારે ૯ થી ૧૦ કલાકે સંસ્કૃતગૌરવ પરીક્ષા-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદીપિકા પરીક્ષામાં ૫ અને પ્રવેશિકા પરીક્ષામાં ૮૭ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

## સ્પર્ધા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કૉલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણામાં તા. ૨૦ થી ૨૩ ડિસેમ્બર-૨૦૧૬ દરમિયાન સૌંદર્યાત્મક સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, ઝડપ અને ચોકસાઈ સ્પર્ધા તથા ખુલજા સીમ સીમ કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં સૌંદર્ય સ્પર્ધામાં પટેલ દિપીકા એલ., ઝાલા હિનાબા એ., પટેલ દર્શિતા એસ., સથવારા આશા એસ., વાઘેલા દર્શના એમ., મોઢ પાયલ બી. તથા ક્વિઝ સ્પર્ધામાં પટેલ દેવલ એસ., ઠાકોર ભાવસિંહ ડી., ઓઝા આશા એમ. તેમજ ઝડપ અને ચોકસાઈ સ્પર્ધામાં શ્રીમાળી પ્રિયંકા જી. વિજેતા રહ્યા હતા.

## વ્યાખ્યાન

❊ ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણામાં તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ સ્મૃતિ શક્તિ વિકાસ અંગેનું વ્યાખ્યાન યોજાયું. જેમાં વક્તા તરીકે શ્રી શૈલેષભાઇ પટેલ (ટ્રેનર, કુકરવાડા) ઉપસ્થિત રહીને સ્મૃતિ શક્તિ વધારવા માટેની જુદી-જુદી પ્રયુક્તિઓ રજૂ કરી કોલેજના પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેઓએ પ્રોઝેટીવ થિંકીંગનો અભિગમ પૂરો પાડી સ્મૃતિ ક્ષમતા વિકસાવવાના વિવિધ દૃષ્ટાંતો પુરાં પાડ્યા હતાં.

તેમજ તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ 'મને કેવો શિક્ષક ગમે' વિષય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે શ્રી ટી.કે. સુથાર (કેળવણીકાર) ઉપસ્થિત રહીને પ્રવૃત્તિશીલ શિક્ષક બનવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. લતાબેન શર્માએ અને ઉપસ્થિત વક્તાશ્રીનો શાબ્દિક પરિચય અને આવકાર પ્રિ. ડૉ. એમ.કે. પટેલે રજૂ કર્યો હતો. આભારવિધિ પ્રા. કમલેશભાઇ ગોહિલે કરી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા તા. ૧૫-૧૨-૨૧૬ના રોજ ડીઝીટલ નેટ બેંકીંગ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શાખા પ્રબંધકશ્રી નંદનકુમારજીએ વિદ્યાર્થીઓ સામે એસ.બી.આઇ. બી.એલ.આઇ.ડી.ડી.વાય. તથા કેશલેશ વ્યવહાર કરવા અને સમાજમાં જનજાગૃતિ લાવવા માટે પાવર પોઇન્ટ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

❊ શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસામાં તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ એક દિવસીય યુનિવર્સિટી કક્ષાની વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ વી. શાહ સમારંભના અધ્યક્ષશ્રી તરીકે હાજર રહ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ગ્રાહકની ખરીદીની વર્તણૂંક જાણવી એ વેપારીઓ માટે હંમેશા અત્યંત અઘરી બાબત છે. જ્યારે સમારંભના મુખ્ય વક્તા સરકારી આર્ટ્સ કોલેજના શ્રીમતી પ્રિ. ડૉ. ગીતાબેન પંડ્યા મેડમે ૫૦૦ વિદ્યાર્થીને 'ગ્રાહકના વર્તનનો અભ્યાસ' વિષે રસપ્રદ માહિતી આપી હતી. પ્રિ. ડૉ. સુધીર ગી. જોષીએ મહેમાનોનો પરિચય આપી તેઓને આવકાર્યા હતા. ગ્રાહકના વર્તનનો અભ્યાસની પૂર્વભૂમિકા કોલેજના પ્રાધ્યાપક ડૉ. ધવલકુમાર પી. દવેએ આપી હતી. કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થિનીઓએ કર્યું હતું. અધ્યાપકશ્રી કમલેશભાઇ ગોસ્વામીએ આભારવિધિ કરી હતી.

❊ 'હિંમત વિદ્યાનગર' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ 'મહિલા સશક્તિકરણ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન થયું. વક્તા તરીકે લો કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રાજુલ દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બહેનોને મહિલાના વિશેષ અધિકારો વિશે માર્ગદર્શન આપી

કોલેજની બહેનોને જાગૃત કરી હતી.

❊ શ્રીમતી આર. આર. એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૨-૧-૨૦૧૭ના રોજ કૉલેજમાં ચાલતી ઉદીશા કલબ અંતર્ગત મોડાસાના શ્રી વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટનું જોબ પ્લેસમેન્ટ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેનું વ્યાખ્યાન યોજાઈ ગયું. તેઓ જુદા જુદા વિષયો જેવા કે ઇન્ટરવ્યુ કેવી રીતે આપવું ? સામાન્ય જ્ઞાનની તૈયારી કેવી રીતે કરવી ? અને તે માટે કયા કયા વિષયોનું વાંચન કરવું ? તેમજ તે માટેના તૈયાર મોડ્યુઅલ્સની ઉપલબ્ધતા વિશે વિસ્તારપૂર્વક છણાવટ કરી. કૉલેજની બી.એ. અને એમ.એ.ની વિદ્યાર્થિની બહેનોએ મોટી સંખ્યાભાં ભાગ લીધો.

## પુસ્તક પ્રદર્શન

વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગરીમાં તા. ૨૬-૧૨-૨૦૧૬ના રોજ ગ્રંથાલય વિભાગના ઉપક્રમે પુસ્તકો તેમજ સંદર્ભગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની મોટાભાગની વિદ્યાર્થિઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો. ગ્રંથપાલ શ્રીમતી બી.એમ. ગોસ્વામી તથા ઔદિચ્ય રાગીણી એન. એ વિદ્યાર્થિનીઓએ પ્રદર્શનમાં મૂકેલ સંદર્ભગ્રંથો વિશેની માહિતી પૂરી પાડી હતી.

## શિબિર

શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા દ્વારા તા. ૭-૧-૨૦૧૭ થી તા. ૮-૧-૨૦૧૭ દરમ્યાન વનવિભાગ ધરોઇ રેન્જના સહયોગથી તારંગા મુકામે પ્રાકૃતિક નિદર્શન શિબિર યોજાઇ ગઇ. સદર શિબિરમાં કોલેજના ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમણે વનવિભાગના અધિકારીઓ દ્વારા વનસંપત્તિ, વનઔષધિ તેમજ વન રક્ષણ અંતર્ગત માહિતી મેળવી હતી. તા. ૮-૧-૨૦૧૭ના રોજ વનવિભાગના સ્ટાફ સાથે વનપરિભ્રમણ કર્યું હતું. આમ, આ બે દિવસ દરમ્યાન શિબિરાર્થીઓએ ઉત્તરાયણના ઉત્સવ દરમ્યાન પક્ષીઓને કઇ રીતે રક્ષિત કરી શકાય તે સંદર્ભે વનવિભાગના 'કરૂણા અભિયાન' વિષે પણ માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. કોલેજના પ્રિ. ડૉ. જયેશભાઇ બારોટના માર્ગદર્શન હેઠળ કોલેજના અધ્યાપકો વિદ્યાર્થીઓને સાથે રહીને આ શિબિરને સફળ બનાવી હતી.

## શ્રદ્ધાંજલિ



**પ્રો. દશરથલાલ જી. વેદીયા**

સ્વર્ગવાસ તા. ૨૯-૧-૨૦૧૭

પ્રો. દશરથલાલ જી. વેદીયા ૧૯૯૩ થી ૧૯૯૮ સુધી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત અને ભારતીય વિદ્યા વિભાગના અધ્યક્ષ રહ્યા હતા. આ સમય દરમિયાન સંસ્કૃત વિભાગમાં પ્રતિ વર્ષ યોજાતા અખિલ ભારતીય હેમચંદ્રાચાર્ય સમારોહની તેઓની પ્રેરણાથી ૧૯૯૭થી પ્રતિવર્ષ સંસ્કૃત વિભાગ દ્વારા આ સમારોહ યોજાય છે. યુનિવર્સિટીમાં ૧૯૯૨-૯૩ના વર્ષમાં જ્યારે શૈક્ષણિક ભવનો શરૂ થયા ત્યારે બહુ જ મર્યાદિત ભૌતિક સુવિધાઓ હોવા છતાં પણ તે સમયે સંસ્કૃત વિભાગ દ્વારા વર્ષમાં અનેક સેમિનારોનું આયોજન, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની રચના અને અધ્યાપક મંડળમાં પણ સક્રિયતા લાવવામાં ડૉ. વેદિયા સાહેબનો સિંહફાળો રહ્યો છે. તેમના માર્ગદર્શન નીચે ૩૦થી વધારે વિદ્યાર્થીઓ પીએચ.ડી. ડીગ્રી મેળવી વર્તમાનમાં સંસ્કૃત ભાષાની સુવાસ પ્રસરાવી રહ્યા છે.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઈ-મેઈલ : udichyahngu@gmail.com

## સબરસ

શિક્ષક : સુનીલને ઝાપટ મારીને પૂછ્યું, બોલ ભવિષ્કાળ એટલે શું?
સુનીલ : રીસેસમાં તમારા હોન્ડામાં હવા નહીં હોય?

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Nilesh Patel (I/c University Librarian), Dr. Bharat Solanki
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48020/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.